ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય હેઠળની N.E.S.T.S. (NATIONAL EDUCATIONAL SOCIETY FOR TRIBAL STUDENTS) દ્વારા સંચાલિત અને અત્રેની પ્રાયોજના વહિવટદારની કચેરી, દાહોદના નિયંત્રણ હેઠળની એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કુલ(EMRS)માં **NESTS** ના પત્ર નં **NESTS/EMRS/State Issues**/100/2021-22 **Dated**.19th **Aug**, 2024 થી જિલ્લામાં EMRS ના અસરકારક સંચાલન માટે જિલ્લા સ્તરીય સમિતિઓ બનાવવાની સલાહ આપવામાં આવેલ છે. જે અંગે **Ministry of Tribal affairs, Government Of India , dt**. 13 **NOVEMBER** 2020 **EMRS Schools Guidelines** મુજબ જિલ્લા ખાતે શાળાઓના કાર્યનું નિરીક્ષણ કરવા માટે જિલ્લા સ્તરીય સમિતિની રચના કરવાની જોગવાઈ છે. જેમાં જિલ્લા સ્તરીય સમિતિનું નેતૃત્વ જિલ્લા કલેક્ટરશ્રી, સ્થાનિક શિક્ષણવિદશ્રીઓ, આદિવાસી પ્રતિનિધિશ્રીઓ અને જિલ્લાના અધિકારીશ્રીઓની સમિતિ શાળાઓના કાર્યનું નિરીક્ષણ કરવા અને શાળાઓના અસરકારક કાર્યમાં જરૂરી સહાય પૂરી પાડવા માટે સભ્યો તરીકે કાર્ય કરશે તેવી જોગવાઈ છે.

જિલ્લા સ્તરીય સમિતિ શાળા વ્યવસ્થાપન સમિતિના રૂપમાં શાળાઓના કાર્યનું તમામ પાસાઓમાં નિરીક્ષણ કરવા અને શાળાઓને તેના વિકાસ તેમજ કટોકટીમાં તેમજ અન્ય પ્રવૃત્તિઓ માટે સ્થાનિક સહાય અને સહયોગ સુનિશ્ચિત કરવામાં મદદ કરવા માટે આવશ્યક છે.

ઉક્ત બાબતે અત્રેના દાહોદ જિલ્લામાં સદર સમિતિની રચના કરવા બાબતે તા ;૩૧/૦૭/૨૦૨૫ ના રોજ આપ સાહેબશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ બેઠકમાં આપની સુચના પરત્વે સદર કમિટીની રચના બાબતે થયેલ ચર્ચા મુજબ નીચે મુજબની District Level Committee ની રચના કરવાનો પ્રસ્તાવ આથી રાખવામાં આવે છે. જેને બહાલ રાખવા અન્યથા યોગ્ય આદશાર્થે સાદર.

# District Level Committee

| ક્રમ | હોદ્દો | સમિતિનો હોદ્દો |
|---|---|---|
| ૧ | માન.કલેક્ટરશ્રી, દાહોદ | અધ્યક્ષ |
| ૨ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, દાહોદ | સભ્ય |
| ૩ | પ્રાયોજના વહીવટદારશ્રી, TASP દાહોદ | સભ્ય |
| ૪ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, દાહોદ | સભ્ય |
| ૫ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, દાહોદ | સભ્ય |
| ૬ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, દાહોદ | સભ્ય |
| ૭ | મદદનીશ કમિશ્નરશ્રી (તકેદારી) આ.વિ., દાહોદ | સભ્ય |
| ૮ | પ્રમુખશ્રી, ભીલ સેવા મંડળ | સભ્ય |
| ૯ | નિયામકશ્રી, નવજીવન કોલેજ કેમ્પસ, દાહોદ | સભ્ય |
| ૧૦ | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, દાહોદ | સભ્ય |
| ૧૦ | કાર્યપાલક ઈજનેરશ્રી, મા×મ.(સ્ટેટ), દાહોદ | સભ્ય |
| ૧૧ | કાર્યપાલક ઈજનેરશ્રી, મા×મ.(પંચાયત), દાહોદ | સભ્ય |
| ૧૨ | કાર્યપાલક ઈજનેરશ્રી, WASMO, દાહોદ | સભ્ય |
| ૧૩ | કાર્યપાલક ઈજનેરશ્રી, GWSSB, દાહોદ | સભ્ય |
| ૧૪ | કાર્યપાલક ઈજનેરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, દાહોદ | સભ્ય |
| ૧૫ | કાર્યપાલક ઈજનેરશ્રી, GETCO, દાહોદ | સભ્ય |
| ૧૪ | આચાર્યશ્રી, તમામ ઈ.એમ.આર.એસ., જિ.દાહોદ | સભ્ય |
| ૧૫ | આચાર્યશ્રી, ઈ.એમ.આર.એસ., ખરેડી (વાર્ષિક રોટેશન મુજબ) | સભ્ય સચિવ |

**સમિતિની સત્તાઓ અને કાર્યો**

- શૈક્ષણિક કામગીરી, માળખાકીય સુવિધા, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ, ભોજનની સુવિધા સહિત તમામ બાબતોના નિરીક્ષણની કામગીરી.
- શાળાઓ વધુ સારી કામગીરી કરી શકે એ માટે સ્થાનિક સહાય અને સહયોગ સુનિશ્ચિત કરવાની કામગીરી.
- બાળકોને તેમની સંસ્કૃતિ વિશે, તેમના વ્યક્તિગત અને વ્યવસાયિક વિકાસ માટેના વિવિધ માર્ગો વિશે જાણવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં મદદરૂપ થવાની કામગીરી.
- શાળાઓની અલગ અલગ પ્રવૃતિઓ માટે વધારાની નાણાકીય સહાય અને જાહેર સમર્થન કરવાની કામગીરી.
- અનુભવોની આપ-લે અને સુવિધાઓ દ્વારા સામાન્ય રીતે શાળાઓ કેન્દ્રબિંદુ બને તેવી પ્રવૃતિઓનું આયોજન કરવાની કામગીરી.
- શાળાઓની માળખાકીય વિકાસને લગત પ્રવૃતિઓનું નિરીક્ષણ કરવાની કામગીરી.
- શાળાઓના શૈક્ષણિક અથવા અન્ય પાસાઓમાં સુધારા અંગે રાજ્યને લગત EMRSને સુચનો કરવાની કામગીરી.
- રાજ્યને લગત EMRS દ્વારા સોંપવામાં આવતી અન્ય જવાબદારીઓનું વહન કરવાની કામગીરી.

**સદર સમિતિની બેઠક દર નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછી ૪ (ચાર) વખત મળશે.**